**દિયોદર પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુના રજી.નં.૧૧૧૯૫૦૧૭૨૨૦૮૦૨/૨૦૨૨**

**: :મુદ્દામાલ વાહન તથા ભેંસો સબંધે આંક–૧ની અરજી તળે હુકમ : :**

(૧) અરજદારની અરજી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવા, પોલીસ પેપર્સ, રજુ થયેલ પંચનામું તથા મુદ્દામાલ પાવતી વિગેરે વંચાણે લીધાં તેમજ પોલીસ અભિપ્રાય વંચાણે લીધો. બંને પક્ષની દલીલો સાંભળી. ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.આર.બ્રાહમણનાઓએ મુદ્દામાલ વાહન મેકસ–પીકઅપ તથા બે ભેંસો અને એક પાડુના માલિકી અંગે ખરાઈ કરી યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે. જયારે અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી આર.સી.મકવાણાએ તેમની અરજ મુજબની રજુઆત કરતાં વધુમાં જણાવેલ છે કે, અરજદારની માલિકીનુ વાહન મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપનીનુ મેકસ–પીકઅપ જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર જી.જે.૨૪ યુ ૩૯૪૩ જેનો ચેચીસ નંબર 91M68516 તેમજ એન્જીન નં. GH91M85644 જે સને–૨૦૧૦નું મોડેલ છે જે તથા અરજદારની માલીકીની ૨ ભેંસો તથા એક પાડુ પોલીસે સદર ગુના કામે કબજે કરેલ છે, જે હાલમાં પોલીસ સ્ટેશનમાં બિનઉપયોગી પડી રહેલ હોઈ અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે યોગ્ય શરતોએ પરત સોંપવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૨) ઉપરોકત બંને પક્ષની રજુઆત ધ્યાને લીધી. અરજદારનું તેમની અરજીમાં કથન છે કે, તેઓની માલિકીનુ વાહન મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપનીનુ મેકસ–પીકઅપ જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર જી.જે.૨૪ યુ ૩૯૪૩ જેનો ચેચીસ નંબર 91M68516 તેમજ એન્જીન નં. GH91M85644 જે સને–૨૦૧૦નું મોડેલ છે જે તથા અરજદારની માલીકીની ૨ ભેંસો તથા એક પાડુ દિયોદર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૧૯૫૦૧૭૨૨૦૮૦૨/૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા પ્રાણીઓ સાચવણી અધિનીયમ કલમ–૫,૬,૮ તથા પશુઓ ક્રુરતા પ્રતિબંધ અધિનિયમ કલમ ૧૧(૧)(ડી),૧૧(૧)(ઈ), ૧૧(૧) (કે) મુજબના ગુનાના કામે તપાસ કરનાર અમલદારે આરોપી/અરજદાર ચૌહાણ (ઠાકોર) પ્રહલાદજી મેરૂજી રહે. સેસણ જુના, તા. દિયોદર, જી. બનાસકાંઠા વાળા પાસેથી કબજે કરેલ છે અને હાલે તે પોલીસ સ્ ટેશનમાં પડી રહેલ છે. વધુમાં અરજદારની રજુઆત છે કે, તેમની માલિકીની મેકસ–પીકઅપ સમય માટે બિન ઉપયોગી પોલીસ સ્ટેશનમાં પડી રહેશે તો તેના સ્પેરપાર્ટસ, એન્જીન વિગેરેને નુકસાન થાય તેમ છે જેના રીપેરીંગનો અરજદારને વધારાનો આર્થિક બોજ પડે તેમ છે. તેમજ ભેંસ બે તથા પાડુ એક હાલ પાંજરાપોળમા રાખેલ હોય અને તેને સાચવવા તેમજ પોષણ માટે પાંજરાપોળમા પશુઓ વધારે હોવાથી યોગ્ય સુવિધાઓ ન હોય પશુઓના જીવ જોમખ હોય તેમજ હાલે લંપી નામનો વાયરસ ભયંકર સ્વરૂપમા હોય અને બીજા પશુઓનો પેચ લાગવાની સંભાવના રહેલી છે. આ બંને ભેંસો તેમજ દુધ ઉત્પાદન માટે ખરીદેલ હતી. તેઓ ખેડુત છે. તેઓ ડેરીમા દુધ ભરવાનો પણ વ્યવસાય કરે છે. અરજદાર તરફે રજૂ થયેલા દસ્તાવેજી પુરાવામાં સદરહુ મુદ્દામાલ મેસ–પીકઅપની આર.સી.બુકની નકલ રજુ કરેલ છે તે જોતાં મુદ્દામાલ મેકસ–પીકઅપ હાલના અરજદાર ચૌહાણ (ઠાકોર) પ્રહલાદજી મેરૂજીની માલિકીનું હોવાનું જણાય છે. તથા તેમના તરફે રજુ ધી સેસણ જુના દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. નુ લેટરપેડ ઉપરનુ તે સંસ્થાનો પત્ર રજુ કરેલ છે. જેમા તેઓ ૧૮ નંબરના ગ્રાહક તરીકે દર્શાવવામા આવેલ છે.

(૩) અરજદારની અરજી સંદર્ભે પોલીસ રિપોર્ટ મંગાવેલ છે જે પોલીસ રિપોર્ટ વંચાણે લેતાં મુદ્દામાલ પશુઓ જીવ નંગ–૩ તથા પીકઅપ ડાલુ નામદાર કોર્ટની શરતોને આધિન રહી છોડવા સોંપવા અભિપ્રાય છે, તેમ પોલીસે પોતાના રિપોર્ટમાં જણાવેલ છે. જે અંગે જરુરી શરતો મૂકી દરકાર લઈ શકાય તેમ છે. આમ, સદરહું મુદામાલ મેકસ પીકઅપ તથા ભેંસ બે તથા પાડુ એક અંગે અન્ય વ્યકિતઓ કે પોલીસ ધ્વારા પણ માલિકી અંગેની કોઈ તકરાર લેવામાં આવેલ નથી કે કોઈ વાંધા રજુ કરેલ નથી.

(૪) ઉપરોકત તમામ સંજોગોને ધ્યાને લેતાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા **જી.એલ.એચ. ૨૦૦૩(૧) પાના નં.૩૦૭ સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ.સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો અને માર્ગદર્શનને લક્ષમાં લેતાં સદરહુ મુદ્દામાલ મેકસ પીકઅપ કેસની ઈન્સાફી કાર્યવાહી

ચાલતાં સુધી પોલીસ સ્ટેશનમાં વધુ સમય પડી રહે તો તેના સ્પેરપાર્ટ, એન્જીન, ટાયર, ટયુબ વિગેરેને નુકશાન થવાની સંભાવનાં છે. તેજ પ્રમાણ હાલના તબકકે એવુ જણાય છે કે અરજદારે સદર બે ભેંસો અને એક પાડુ તેમના પશુ પાલન અને દુધ ભરવાના વ્યવસાય માટે જ ખરીદેલ છે અને ત્યાંથી ખરીદી કરીને આવતા દરમ્યાનમા તેમનો મેકસ પીકઅપ પકડાયેલ છે. આમ જો સદર બે ભેંસો અને એક પાડુને લાંબા સમય સુધી પાજરાપોળમા રાખવામા આવશે તો તેમના સ્વાસ્થ્ય માટે સારૂ રહેશે નહિ. અરજદારે સદરહુ અરજી કરી મુદ્દામાલ પરત મેળવવા અરજ કરેલ હોઈ સદરહુ અરજી સબંધી વચગાળાની કસ્ટડી તરીકે મુદ્દામાલને તેનાં માલિકને પરત સોંપવાનો રહે છે, ત્યારે યોગ્ય અને ઉચિત શરતોને આધીન અરજદારને તેમની મુદ્દામાલ મેકસ–પીકઅપ તથા ૨ ભેંસ અને એક પાડુ પરત સોંપવાથી ન્યાયની સમતુલા જળવાઈ રહેશે, તેવુ અત્રેની કોર્ટનું માનવું છે અને તેથી ન્યાયનાં વિશાળ હીતમાં અરજદારની અરજી મંજૂર કરવી જોઈએ,તેવા નિર્ણય ઉપર આવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.:–

<u>: : હુ ક મ : :</u>

૧. અરજદાર ચૌહાણ (ઠાકોર) પ્રહલાદજી મેરૂજી રહે સેસણ જુના, તા. દિયોદર, જિ. બનાસકાંઠા વાળાઓની સદરહુ મુદ્દામાલ વાહન મહિન્દ્રા અને મહિન્દ્રા કંપનીનુ મેકસ–પીકઅપ તથા પશુ ભેંસ બે તથા પાડુ એક પરત મેળવવાની અરજી ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૪૫૧ અન્વયે આથી મંજુર કરવામાં આવે છે. પરિણામે મજકૂર અરજદારને દિયોદર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૫૦૧૭૨૨૦૮૦૨/૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા પ્રાણીઓ સાચવણી અધિનીયમ કલમ–૫,૬,૮ તથા પશુઓ ક્રુરતા પ્રતિબંધ અધિનિયમ કલમ ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧) (કે) મુજબના ગુનાના કામે અટક કરેલ મુદ્દામાલ વાહન મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપનીનુ મેકસ–પીકઅપ જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર જી.જે.૨૪ યુ ૩૯૪૩ જેનો ચેચીસ નંબર 91M68516 તેમજ એન્જીન નં. **GH91M85644** જે સને–૨૦૧૦નું મોડેલ છે જે તથા અરજદારની માલીકીની ૨ ભેંસો તથા એક પાડુ તેની દોઢ ગણી કિંમતનાં જામીન અને તેટલી જ રકમનાં જાતમુચરકા સબંધિત પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકૃત અધિકારી સમક્ષ રજુ કરેથી નીચેની શરતોએ તથા ઈન્સાફી કાર્યવાહીના અંતે મુદ્દામાલ વાહન મેકસ–પીકઅપ તથા ભેંસો બે તથા પાડુ એક સબંધે થનાર આખરી હુકમને આધીન રહીને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>: : શ ર તો : :</u>

(૧) અરજદારે મુદ્દામાલ વાહન મેકસ–પીકઅપ કેસ ચાલતાં દરમ્યાન અન્ય કોઈને વેચાણ, ગીરો બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવું નહીં અને જો તેઓ તબદીલ કરે તો તે અંગેના તમામ દસ્તાવેજો તેમની પાસે યોગ્ય કસ્ટડીમાં રાખવા. જેથી આવશ્યકતા પડે તો તેની ખરાઈ કરી શકાય.

(૨) સદર મુદ્દામાલ અંગેની માલીકી જો અન્ય કોઈ પુરવાર કરે તો મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ રકમ કરતા દોઢ ગણી રકમ અરજદારે કોર્ટમાં જમા કરાવવાની રહેશે.

(૩) મુદ્દામાલનો કોઈપણ રીતે ગુનાહીત પ્રવૃતિમાં ઉપયોગ કરવો નહી.

(૪) હુકમ અનુસાર મુદ્દામાલ પરત સોંપતી વખતે જવાબદાર પોલીસ અધિકારીશ્રીએ તેની માલીકી અંગેની ખરાઈ અને ખાત્રી કર્યા બાદજ પરત સોંપવો.

(૫) જવાબદાર પોલીસ અધિકારીશ્રીએ મુદ્દામાલ વાહન મેકસ–પીકઅપ તથા બે ભેસો તથા એક પાડા નાં અરજદારનાં ખર્ચે તમામ એંગલથી ફોટોગ્રાફસ પડાવી હાલના કામે અત્રેની અદાલતમાં રજુ કરવા.

(૬) મુદામાલ બે ભેસો તથા એક પાડાના સુરક્ષા અને સ્વાસ્થ્યનુ અરજદારે યોગ્ય સારસંભાળ રાખવી.

હુકમની શરતોની યાદી સબંધીત પો.સ્ટે. ને કરવી

હુકમ આજ રોજ તારીખ ૨૧ મી, માહે–ઓકટોબર, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : દિયોદર
તારીખ : ૨૧/૧૦/૨૦૨૨

(ડૉ.મંજુદેવી શારદાપ્રસાદ પાંડે)
એડી.ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
દિયોદર,બનાસકાંઠા.
કોડ નં.જીજે.૦૦૮૬૦.